શાળા-કોલેજોમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગુજરાત સાયન્સ સિટી

ગુજરાત સાયન્સ સિટી ૭૧માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ શુભ દિવસ પર, ગુજરાત સાયન્સ સિટીના સૌથી વરિષ્ઠ કર્મચારી શ્રી માનસિંગભાઈ મકવાણા મુખ્ય મહેમાન હતા. મુલાકાતીઓ, સ્ટાફ અને વિવિધ ટીમોના સભ્યો ઉજવણીમાં જોડાયા હતા, આ પ્રસંગે શ્રી એન. માતંગકુમારે (એડમિનીસ્ટ્રેટિવ ઓફિસર, સાયન્સ સિટી) સાયન્સ સિટીના વિકાસ માટે કાર્યરત તમામ ટીમોના સભ્યોના યોગદાનને બિરદાવ્યુ હતું.

ફતેપુરા સરકારી પ્રાથમિક શાળા

સરકારી પ્રા. શાળા ફતેપુરા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે ૭૧માં પ્રજાસત્તાક દિનની ઊજવણી અંતર્ગત જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. 'દીકરીને સલામ દેશને નામ' કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ વિદ્યાર્થીની ઠાકોર સોનલબેન કેશાજી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગ્રામજનો તથા મહેમાનો ઉપરાંત આચાર્યા મંજુલાબેનના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવાયો હતો.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ

ગાંધીનગર માણસા રોડ પર કુદરતી વાતાવરણ મા ૨૦૦૯ થી ઇજનેરી, ફાર્મસી, સાયન્સ, કોમર્સ, લો અને નર્સિંગ વગેરે ના અભ્યાસ નુ ઉંચ શિક્ષણ પ્રદાન કરતા બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ મા ૭૧ માં પ્રજાસતાક દિવસ ની દબદબાભરી ઉજવણી કેમ્પસ માં ૨૦૧૯ થી શરૂ કરાયેલા એન.સી.સી. યુનિટ ના કેડેટસ તથા કેમ્પસ ની સલગ્ન સંસ્થાઓ જેવી કે ઇજનેરી, ફાર્મસી, સાયન્સ, કોમર્સ વગેરે ના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, દરેક કોલેજ ના આચાર્યશ્રીઓ, કેમ્પસ ના ડાયરેકટર અને ટ્રસ્ટીશ્રી દ્વારા એકતા અને અનુસાશન થી સાથે મળી ને ઉજવવામા આવ્યો હતો.આ ઉપક્રમે , મુખ્ય મહેમાન તરીકે ૨ ગુજરાત એન.સી.સી. ,સેકટર ૧૫ ગાંધીનગર ના કમાનડીંગ ઓફિસર લેફ્ટનંટ કર્નલ અનિલ ચૌધરી સર હાજર રહી ,કેમ્પસ ના એન.સી.સી. યુનિટ ના ઈન્ચાર્જ રસિક તન્ના ને લેફ્ટનંટ ની રેંક તથા ના એન.સી.સી. યુનિટ ના કેડેટસ ને અલગ અલગ રેંક થી સન્માનિત કરવામા આવ્યા હતા. કેમ્પસ ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માં દેશ પ્રેમ જાગુત કરવાના હેતુ થી ઉજવામા આવેલા આ દિવસ માં વિદ્યાર્થીઓ એ દેશ ભકિત ગીત તથા ડાન્સ રજુ કર્યા હતા.આ પ્રસંગે સંસ્થા ના ટ્રસ્ટીશ્રી મહેંદ્રસિહ વાઘેલા તથા શ્રી ભરતસિહ વાઘેલા પ્રમુખ પદે હાજર રહી , વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો ના આનંદ મા વધારો કર્યો હતો. આ કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમારે અને દરેક કોલેજ ના પ્રિન્સિપાલશ્રીઓ એ કાર્યક્રમ ની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન અને આયોજન સમગ્ર સ્ટાફ મિત્રોએ તથા એન.સી.સી. યુનિટના ઈન્ચાર્જ લેફ્ટનંટ રસિક તન્નાએ અને વિદ્યાર્થીઓએ સાથે મળી ને કર્યુ હતુ.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

સેક્ટર ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ખાતે ગણતંત્ર દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. ગણતંત્ર દિવસનાં મુખ્ય મહેમાન ફાધર જેમ્સ ઝેવિયર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ દિવસનાં મહત્વને દર્શાવતું નાટક, દેશભક્તિ ગીત, નૃત્ય તથા વક્તવ્ય વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. મુખ્ય મહેમાનશ્રી એ પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જીવનનું મૂલ્ય ''આભાર'' વિશે જણાવ્યુંકે દરેક વ્યક્તિઓએ પોતાને મદદરૂપ થનાર તમામ પ્રત્યે આભારી રહેવું જોઈએ. શાળાનાં આચાર્યા સિસ્ટર જેનીફરનાં માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતથી કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો.

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા કોલેજના પટાંગણમાં ૭૧મા ગણતંત્ર દિનની ઉજવણી તા. ૨૬/૦૧/૨૦૨૦નાં રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી પદે શ્રી લલિત પી. પાડલીયા સાહેબ (કમિશનર, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, ગાધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. ડો. એમ. જી. ભટ્ટ સાહેબ (સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર તથા સ. વિ. કોલેજના આચાર્ય)નાં વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. વધુમાં ડો. ભટ્ટ સાહેબ તથા શ્રી પાડલીયા સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે એન.એસ.એસ. એકમનાં સ્વયંસેવકોને બે વર્ષ પૂર્ણ કરવા બદલ શ્રી પાડલીયા સાહેબ તથા ડો. ભટ્ટ સાહેબના વરદ હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. યુ. પી. તરપદા, એન.સી.સી. ઓફિસર ડો. જીગ્નાબેન વાઘેલા, કોલેજના કર્મચારી ગણ, એન.એસ.એસ. સ્વયંસેવકો તથા એન.સી.સી કેડેટ સહીત કુલ ૨૦૦ જેટલા લોકો ઉપસ્થીત રહ્યા હતા.

સહજાનંદ સ્કૂલ ઑફ અચિવર - ચિલોડા

દેશના ગણતંત્ર દિવસના સન્માનમાં સહજાનંદ સ્કૂલ ઑફ અચિવર- ચિલોડા ખાતે ૨૬ જાન્યુઆરીનો પર્વ ખુબ જ ઉત્સાહ અને સ્ફૂર્તિ સાથે ઉજવવામાં આવ્યો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ દેશ-ભક્તિ ગીત ઉપર ડાન્સ, ડમ્બ્લ્સ, પિરામીડ લેજીયમ જેવા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા. શાળા પરિવારના ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ સફળ કાર્યક્રમ માટે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ માં તા.૨૬/૦૧/૨૦૨૦ ને રવિવારના રોજ પ્રજાસત્તકદિનની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કુતિક કાર્યક્રમ તેમજ સ્પીચ આપવામાં આવેલ હતી અને શાળાના ટ્રસ્ટી શ્રી તેમજ પ્રિન્સીપલ દ્વારા વિદ્યાર્થીઓને નવાજવામાં આવેલ હતા આમ, ખૂબ ધામધૂમથી હર્ષો ઉલ્લાસ ઉજવણી કરવામાં આવેલ હતી.

શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ

શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે ૭૧માં પ્રજાસત્તાક દિનની ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરુઆત ગણેશ વંદનાથી કરી હતી ત્યારબાદ ધ્વજવંદન વિધિ શાળાની વિદ્યાર્થીની સેજલે કરી હતી. પ્રાસંગિક પ્રવચન વિનોદસિંહ રાઠોડ તથા વિક્રમસિંહ ગોલે કર્યું હતું.

મહાત્મા ગાંધી વિદ્યામંદિર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, (ગાંધીનગર શાખા) સંચાલિત શાળાઓ માં ૭૧ મા પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ માં તા.૩૧/૦૧/૨૦૨૦ ના નિવૃત થતા શિક્ષિકા બેન શ્રીમતી મીનાબેન ધાંધા ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું તેમજ કો.ઓડિનેટર તરીકે ફરજ બજાવતાં નટુભાઈ વી. લાડાણીની સાથે શાળાના આચાર્યશ્રી અને શાળાના શિક્ષકો/સ્ટાફ અને શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમજ ડૉ, વિક્રમ સારાભાઈ પાલજ ગામ-પાલજ, ગાંધીનગર, શાળાના આચાર્યશ્રી અને શાળાના શિક્ષકો/ સ્ટાફ અને શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો, આ તમામ શાળાઓમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રજાસત્તાક દિવસની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં બેંક ઓફ બરોડાના ડેપ્યુટી રીઝનલ ઓફિસર બળદેવબાઈ એમ. પટેલ તથા બેંક ઓફ બરોડાના ઈન્ફોસિટી એરિયા બ્રાન્ચ ગાંધીનગરના ચીફ મેનેજર નરેશભાઈ વણઝારા મુખ્ય મહેમાન હતા. શાળા પરિવારના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ

સરગાસણ સ્થિત 'રેડિયન્સ સ્કૂલ ઓફ સાયન્સ'માં ૭૧માં પ્રજાસત્તાક દિવની સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ધામધૂમથી ઊજવણી કરવામાં આવી હતી. ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુ.રા. આસી. સેક્રેટરી ડૉ. દિનેશભાઈ કળસરીયા હસ્તે ધ્વજવંદન કરવમાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર કમ પ્રિન્સિપાલ જી.ટી. શનિયારા તથા કેમ્પસ ડાયરેક્ટર કમ પ્રિન્સિપાલ જે.બી. વામજાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

લીંબોદરા હાઈસ્કૂલ

શ્રી પી. પી. આર. સાહ હાઈસ્કૂલ ખાતે ૭૧માં ગણતંત્ર દિવસની ઊજવણી રણજિંતસિંહ વાઘેલાના ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં તથા હાઈસ્કૂલ અને ગામની તમામ શાળાના શિક્ષક ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.